RNI No.: GUJGUJ/2014/59295

E mail -

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 34 * Date: 26.11.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ૨૦૫ દિવસ પછી બદ્રીનાથના કપાટ બંધ



ઉત્તરાખંડના ચમોલીમાં આવેલા બદ્રીનાથ ધામના કપાટ આજે ૨૦૫ દિવસ પછી શિયાળા માટે બપોરે ૨ વાગ્યેને ૫૬ મિનિટે બંધ કરવામાં આવ્યા છે. આ સાથે જ ચાર ધામ યાત્રાનું પણ સમાપન થયું. આ ખાસ અવસર પર મંદિરને ૧૨ ક્વિન્ટલ ગલગોટાના ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. ગઈ રાતથી જ શ્રદ્ધાળુઓનું અહીં પહોંચવાનું શરૂ થઈ ગયું હતું, અત્યાર સુધીમાં લગભગ ૮ હજાર ભક્તો પહોંચી ચૂક્યા છે.શુક્રવારથી ચાલી રહેલી પંચપૂજાની અંતિમ પ્રક્રિયા પણ આજે સંપન્ન થઈ, જેમાં લક્ષ્મીની સહેલીનું રૂપ ધારણ કરીને રાવલ લક્ષ્મી માતાની મૂર્તિને મંદિરની અંદર બનેલા ગર્ભગૃહમાં નારાયણ ભગવાન સાથે સ્થાપિત કરશે.દેશનું છેલ્લુ ગામ માણામાં તૈયાર કરવામાં આવેલો પવિત્ર ઘૃત કંબલ (ધાબળો) આ પ્રક્રિયાનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે. આ જ કંબલને ભગવાન બદ્રીવિશાલને ઓઢાડતા જ કપાટ બંધ કરી દેવામાં આવશે. આ કંબલ સદીઓ જૂની પરંપરા છે અને તેને ચીનથી માત્ર ૨૫ કિલોમીટર દૂર આવેલા માણાની કન્યાઓ તૈયાર કરે છે.બદ્રી-કેદાર મંદિર સમિતિ (બીકેટીસી) અનુસાર, આ વર્ષે ૧૬ લાખ ૫૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ બદ્રીનાથના દર્શન કરવા પહોંચ્યા છે. કપાટ બંધ થયા પછી હવે ૬ મહિનાની શિયાળુ પૂજા જોશીમઠ નરસિંહ મંદિરમાં થશે. શંકરાચાર્યની ગાદી જોશીમઠમાં ૨૭ નવેમ્બરે પહોંચશે.૨૬ નવેમ્બરે શંકરાચાર્યની ગાદી સાથે ઉદ્ધવજી અને કુબેરજીની ડોલી લગભગ ૩૦ કિલોમીટર દૂર પાંડુકેશ્વર પહોંચશે, જ્યાં યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ઉદ્ધવજી અને કુબેરજીની ડોલી શિયાળા માટે અહીં જ રહેશે, જ્યારે રાત્રિ રોકાણ પછી બીજા દિવસે સવારે એટલે કે ૨૭ નવેમ્બરે શંકરાચાર્યની ગાદી લગભગ ૩૦ કિલોમીટર આગળ જોશીમઠના નરસિંહ મંદિરમાં પહોંચશે.

## અરૂણાચલ મામલે ચીનનો ફરી દાવો, કહ્યું, 'જંગનાન અમારું છે, અમે ભારતીય મહિલાને હેરાન કરી નથી'



અરુણાચલ પ્રદેશની એક ભારતીય મહિલાને શાંઘાઈ એરપોર્ટ પર હેરાનગતિ થઈ હોવાના આરોપોને ચીને મંગળવારે (૨૫ નવેમ્બર) ખોટા ગણાવીને નકારી કાઢ્યા છે. ચીને દાવો કર્યો છે કે ચીની ઈમિગ્રેશન અધિકારીઓએ સંપૂર્ણપણે કાયદા અને નિયમો અનુસાર કાર્યવાહી કરી છે. બીજીતરફ ભારતે આ ઘટના અંગે ચીન સમક્ષ કડક વિરોધ નોંધાવ્યો છે. મહિલાએ આરોપ લગાવ્યો હતો કે તેમના જન્મસ્થળ તરીકે અરુણાચલ પ્રદેશનો ઉલ્લેખ હોવાથી તેમનો પાસપોર્ટ 'અવૈધ' ગણીને તેમને ૧૮ કલાક સુધી રોકી રાખવામાં આવ્યા હતા.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે મંગળવારે ભારતીય મહિલા પેમા વાંગજોમના દાવાને ખોટો ગણાવ્યો છે. નિંગે દાવો કર્યો છે કે, 'ઈમિગ્રેશન અધિકારીઓએ કાયદા અને નિયમો અનુસાર જ કાર્યવાહી કરી હતી અને મહિલાને કોઈપણ હેરાનગતી કરવામાં આવી નથી. ઉલટાનું એરલાઈને તેમના માટે આરામ અને ભોજનની વ્યવસ્થા કરી હતી.' તેમણે અરુણાચલ પ્રદેશ પર ચીનના દાવાને ફરી દોહરાવીને કહ્યું કે, 'જંગનાન ચીનનો ભાગ છે. ભારતના અરુણાચલ પ્રદેશ પર દાવાને ચીને ક્યારેય માન્યતા આપી નથી.'ભારતે મહિલા સાથે બનેલી ઘટનાના દિવસે જ રાજદ્વારી વિરોધ નોંધાવ્યો હતો. ભારતે સ્પષ્ટ કહ્યું છે કે, 'અરુણાચલ પ્રદેશ ભારતની જ જમીન છે અને ત્યાંના નાગરિકોને ભારતીય પાસપોર્ટ પર મુસાફરી કરવાનો સંપૂર્ણ હક છે. શાંઘાઈમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે પણ ભારતીય મહિલા મુદ્દો ઉઠાવ્યો હતો અને તેણીની તાત્કાલીક મદદ કરી હતી. અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુએ ઘટનાને આંતરરાષ્ટ્રીય ધોરણોનું ઉલ્લંઘન ગણાવ્યું છે.ઉલ્લેખનીય છે કે, લંડનથી જાપાન જઈ રહેલી અરુણાચલ પ્રદેશની ભારતીય નાગરિક પેમા વાંગજોમ થોંગડોકે શાંઘાઈના પુડોંગ એરપોર્ટ પર ચીની ઈમિગ્રેશન અધિકારીઓ દ્વારા હેરાનગતિ કરવામાં આવી હોવાનો ગંભીર દાવો કર્યો છે. તેમને ૧૮ કલાકથી વધુ સમય સુધી રોકી રાખવામાં આવ્યા હતા અને તેમનો ભારતીય પાસપોર્ટ અમાન્ય જાહેર કરાયો હતો. થોંગડોકે કહ્યું કે, 'હું છેલ્લા લગભગ ૧૪ વર્ષથી યુકેમાં રહું છું અને લંડનથી શાંઘાઈ થઈને જાપાન જઈ રહી હતી. શાંઘાઈમાં ટ્રાન્ઝિટ દરમિયાન ચીની ઈમિગ્રેશનના એક અધિકારીએ મને લાઈનમાં અલગ ઉભી રાખી હતી. મેં તેમને કારણ



## તંત્રી લેખ.....

# વિશ્વમાં ક્વિક કોમર્સ ક્ષેત્રે ભારત ત્રીજા નંબરે : આવક બમણી થશે

વિશ્વમાં ક્વિક કોમર્સ ક્ષેત્રે ભારત ટોચના ત્રણ દેશોમાં આવી ગયું છે. ભારતની ક્વિક કોમર્સ ક્ષેત્રે છલાંગ જોતાં એમ કહી શકાય કે ૨૦30 સુધીમાં તેનું માર્કેટ બમણું થઇ જશે. માત્ર દશ મિનિટમાં ડિલીવરીના કોન્સેપ્ટેને ખરીદી કરનારાઓ પણ આવકાર્યો છે. રેવન્યૂની દ્રષ્ટીએ જોઇએ તો વિશ્વમાં ભારત ત્રીજા નંબરનું માર્કેટ બની ચૂક્યું છે.ચીન અને અમેરિકાના માર્કેટ કરતાં ભારત ઘણું પાછળ છે પરંતુ જાપાન, સાઉથ કોરિયા અને યુકેના માર્કેટને પાછળ છોડી દીધા છે.

જે ટોચના ત્રણ માર્કેટ છે તેમાં ભારત સાથી વધુ ઝડપે વિકસતું માર્કેટ છે. ૨030માં બિઝનેસની સંભવિતતા પર નજર કરીયેતો ક્વિક કોમર્સ ક્ષેત્રે ૨૦૨૫ અને ૨030 વચ્ચે ભારતનો ગ્રોથ ૧૫.૫ ટકા રહેશે જ્યારે આજ સમયગાળામાં ચીનને ગ્રોથ ૭.૯ અને અમેરિકાનો ગ્રોથ ૬.૭૨ રહેવાની ધારણા છે.આ ક્ષેત્રે છેલ્લા દાયકામાં ભંડોળ મેળવવામાં પણ ભારત સક્રીય છે. છેલ્લા દાયકામાં ભારતને ૬.૮ અબજ ડોલર મળ્યા છે જે અમેરિકા કરતાં થોડા ઓછા છે. અમેરિકાને ૭.૯ અબજ ડોલર જ્યારે યુકેને ૪.૪ અને તૂર્કીને ૨.૫ અબજ ડોલર મળ્યા છે. વૈશ્વિક સ્તરે ક્વિક કોમર્સ ક્ષેત્રની રેવન્યૂ ૧૯૮.૦૬ અબજ ડોલર આંકવામાં આવી છે જેમાં ભારતનો ફાળો ૨.૭૧ ટકા જેટલો છે. ભારતની રેવન્યૂ ૫.૩૮ અબજ ડોલર છે જે ૨030 સુધીમાં ૧૧.૦૮ અબજ ડોલર પર પહોંચવાની ગણત્રી છે.ક્વિક કોમર્સનો ઉપયોગ કરનારાની સંખ્યા ૬૫ મિલીયન જેટલી છે જે વિશ્વમાં ક્વિક કોમર્સનો વપરાશ કરનારાના સાત ટકા જેટલી છે.ક્વિક કોમર્સ ક્ષેત્રે અમેરિકા અને ચીન તેનું વર્ચસ જાળવી રાખશે તેમકે ૨૦૨૫માં ચીનની રેવન્યૂ ૯૨.૬ અબજ ડોલરની છે

# ગઢડા નગરપાલિકા ના પ્રમુખ તરીકે કિશોરભાઈ ખાચર ની સર્વાનુમતે વર્ણી



પરમ પૂજ્ય શ્રી રામચંદ્રજી ભગવાન, પ.પૂ. શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબાના આશીર્વાદથી આજ રોજ તા. ૨૫ નવેમ્બર ૨૦૨૫ ના રોજ પાળિયાદ ઠાકરના સેવક કિશોરભાઈ ખાચર ગઢડા નગરપાલિકાના પ્રમુખ તરીકે નિમણૂક થવા બદલ શ્રી ભયલુબાપુએ શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યા. સમગ્ર વિહળ પરિવારમાં ખુશીની લહેર

અહેવાલ કનુભાઈ ખાચર



અશક્તાશ્રમના આંગણે તારીખ ૨૪/૧૧/૨૫ અને તારીખ ૨૫/૧૧/૨૫ ના રોજ ધાનદાન પ્રયોગ ૪૦ નું સુંદર આયોજન કરવામાં આવ્યું જેમાં ૨ કિલો ચોખા ૨ કિલો તુવેર દાળ ૧ કિલો મોરસ ૧ કિલો તેલ ૨૦૦ ગ્રામ મરચું ૨૦૦ ગ્રામ હળદર ૨૫૦ ગ્રામ ચા ગરમ ધાબળો ૧ મીઠાઇ ૨૦૦ ગ્રામ આપવામાં આવી આ આંખો પ્રયોગ પ્રમુખ શ્રી ચંદ્રવદનભાઇ તરફથી સ્પોન્સર કરવામાં આવ્યો અત્યાર સુધીમાં ધાનદાન માં રૂપિયા ૩ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ધાનદાન પ્રયોગ ૪૦ માં કુલ ૧૪૫૦ જેટલા લોકોને આશરે રૂપિયા ૧૧૦૦/- ની અનાજની કીટ આપવામાં આવી આ પ્રસંગે આશ્રમના સૌ ટ્રસ્ટીઓ સ્વજનો અને કર્મચારીઓ ખડે પગે હાજર રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે કોટયકેધામ ડાકોરના ટ્રસ્ટી શ્રી વિકેશભાઈ કાચ વાળા ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ધાન દાનની શરૂઆત કરવામાં આવી.

### ડાંગ જિલ્લાના ગારમાળ અને ઇસદર ગામમાં ભારે વરસાદના કારણે

# કાચા અને પાકા મકાનને નુકસાન થતા ૨ લાભાર્થીઓને કુલ રૂ.૨,૭૦,૦૦૦ ની રકમ સહાયનો ચેક અર્પણ કરાયો



આહવાઃ તા. ૨૫ઃ ગત દિવસોમાં ચામાસા દરમિયાન ડાંગ જિલ્લાના આહવા તાલુકા પંચાયતમાં સમાવિષ્ટ ગારમાળ અને ઈસદર ગામોમાં ભારે વરસાદ તેમજ વાવાઝોડાની પરિસ્થિતિના કારણે કાચા અને પાકા માકાનોને નુકસાન થયું હતું. જેથી રાજય સરકાર દ્વારા અસરગ્રસ્તો પ્રત્યે સંવેદનશીલ અભિગમ દાખવી ચેક સહાય ચુકવણી કરવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઇ પટેલે આજરોજ અસરગ્રસ્ત પરિવારજનોને સહાય ચેક અર્પણ કર્યો હતો. જેમાં (૧) ગારમાળ ગામના લાભાર્થી શ્રી યેમનીબેન ગાંગુર્ડેને રૂપિયા ૯૦ હજારનો ચેક સહાય, તેમજ (૨) ઈસદર ગામના શ્રી સંજયભાઈ સીમગભાઈ ભોયેને એક લાખ ૮૦ હજારનો સહાય ચેક જે કાચા અને પાકા મકાનને નુકસાન માટે સરકારશ્રીના કુદરતી આફતીના ધારા ધોરણ મુજબ કુલ રૂા.૨,૭૦,૦૦૦/- (બે લાખ સિત્તેર હજાર) ની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

# સુબીર તાલુકા જામન્યા ગામમાં નરેગાના કુવાના કામમાં મોટા પાયે ભ્રષ્ટાચાર: TDO દ્વારા તપાસ નો આદેશ

ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના જામન્યા ગામમાં કુવાના કામમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ એક ખેડૂત દ્વારા કરવામાં આવ્યો છે. આ આક્ષેપો સામે આવતા જ સુબીર તાલુકા વિકાસ અધિકારી (ૈ) સુહાસભાઈ ગવાંદે દ્વારા તાત્કાલિક અસરથી તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે.ખેડૂતનો સીધો આરોપ છે કે, કુવાનું બાંધકામ પૂર્ણ કર્યા વિના જ સત્તાવાર દસ્તાવેજોમાં કામ પૂર્ણ બતાવીને તમામ નાણાં ઉપાડી લેવામાં આવ્યા છે.

?૧,૭૫,૦૭૦ ના ખર્ચમાં ગેરરીતિના સંકેત

સરકારી દસ્તાવેજો મુજબ, આ કૂવાના કામ માટે મટીરિયલ પાછળ કુલ ?૧,૭૫,૦૭૦ (એક લાખ પંચોતેર હજાર સિત્તેર) નો ખર્ચ અને મજૂરી ૫૩૫૬૮ રૂપિયા બતાવવામાં આવ્યો છે.

મટીરિયલઃ દસ્તાવેજોમાં બિલ નંબર સાથે વાયર, કપચી, સિમેન્ટ, 'બ્લાસ્ટિંગ ઈન વોલ' અને ચરખી ભાડું ખરીદાયું હોવાનું દર્શાવાયું છે.

મજૂરીઃ જોબ કાર્ડમાં ૨૭ મજૂરોને પૈસાની ચુકવણી કરવામાં આવી હોવાનું બતાવેલ છે.

જોકે, પત્રકારો દ્વારા જ્યારે આ બાબતે સ્થળ પર ચકાસણી કરવામાં આવી, ત્યારે કૂવાના સ્થળે ન તો કપચી મળી આવી કે ન સિમેન્ટ, જે ખરીદાયા હોવાનું દસ્તાવેજોમાં



દર્શાવેલ છે. આનાથી સવાલ ઊભો થયો છે કે લાખો રૂપિયાનું મટીરિયલ અને મજૂરોને ચૂકવાયેલા પૈસા ક્યાં ગયા.

તપાસ પૂર્ણ થયા બાદ જ આ સમગ્ર ભ્રષ્ટાચારની હકીકત અને જવાબદાર વ્યક્તિઓ સામે શું પગલાં લેવાય છે તે સ્પષ્ટ થશે.TDO દ્વારા તપાસ સોંપાઈ

મામલો સામે આવતાં જ ૈ સુહાસભાઈ ગવાંદેએ તુરંત જ તપાસ સોંપી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ તપાસમાં માત્ર બાક્ર્યાભાઈ ચૌધરીના કુવાના જ નહીં, પણ તાલુકાના અન્ય વિસ્તારોમાં પણ થયેલા વધુ ભ્રષ્ટાચારના કિસ્સાઓ બહાર આવે તેવી સંભાવના છે.ખેડૂતનો સીધો આરોપ અને કાર્યવાહી.

જામન્યા ગામના ખેડૂત બાક્ર્યાભાઈ જત્ર્યાભાઈ ચૌધરીના કૂવાના બાંધકામ માટે મંજૂર થયેલા કામમાં આ ગેરરીતિ થઈ હોવાનું જણાય છે. આ કામ તે સમયે ગ્રામ પંચાયતના સભ્ય અને હાલમાં ભાજપના સુબીર તાલુકા યુવા મોરચાના મહામંત્રી શૈલેષભાઈ સોમાભાઈ ચૌધરીએ મુખ્ય મજૂર તરીકે લીધું હતું.

# સંસદમાં તણાવ હોવા છતાં ફ્રેન્ચ પીએમ ૨૦૨૬નું બજેટ પસાર કરવા માટે કાયદા ઘડનારાઓ પર દબાણ કર્યું



પેરિસ,

ફ્રાન્સના વડા પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુએ સોમવારે કાયદા નિર્માતાઓ પર દબાણ કર્યું કે તેઓ વર્ષના અંત સુધીમાં ૨૦૨૬નું બજેટ પસાર કરે, કારણ કે સંસદના નીચલા ગૃહે કાયદાના કરવેરા પાસાને નકારી કાઢ્યો હતો.

તેમણે કહ્યું કે હજુ પણ સમય છે, પરંતુ વિપક્ષી કાયદા નિર્માતાઓને કાયદામાં અવરોધ ન લાવવા વિનંતી કરી, જે સોમવારે સેનેટમાં જવાનો છે, જે શનિવારે નીચલા ગૃહે તેના કેટલાક ભાગોને નકારી કાઢ્યા પછી. લેકોર્નુની અપીલ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની લઘુમતી સરકાર દ્વારા વિભાજિત સંસદમાં બજેટ પસાર કરવાના પ્રયાસોમાં નવીનતમ પ્રકરણ હતું - જ્યાં ખૂબ જ જમણેરી અને કટ્ટર ડાબેરીઓ અવિશ્વાસના મતને ઉત્તેજિત કરવા અને વડા પ્રધાનને ઉથલાવવા માટે કોઈપણ ભૂલની આતુરતાથી રાહ જુએ છે.

'હા, આપણે તે કરી શકીએ છીએ', લેકોર્નુ કહે છે

×આ ભવિષ્ય માટે ચેતવણી છે... પરંતુ હા, આપણે તે કરી શકીએ છીએ,× લેકોર્નુએ એક ટેલિવિઝન નિવેદનમાં જણાવ્યું હતું, ઉમેર્યું હતું કે બજેટ બિલ પસાર કરવા માટે નીચલા ગૃહમાં હજુ પણ બહુમતી સમર્થન છે. બજેટ પસાર થાય તે માટે બંને ગૃહોએ સંમત થવું પડશે, સેનેટ તેની સમીક્ષા પૂર્ણ કરે તે પછી, નીચલા ગૃહમાં અંતિમ મતદાન પહેલાં સંયુક્ત સમિતિ બંને ગૃહો વચ્ચે સમાધાન કરવાનો પ્રયાસ કરશે.

લેકોર્નુએ કહ્યું કે તેઓ આગામી દિવસોમાં રાજકીય પક્ષો સાથે વાટાઘાટો કરશે અને આગ્રહ રાખ્યો કે આગામી વર્ષના બજેટ ખાધને કુલ સ્થાનિક ઉત્પાદનના ૫% કરતા ઓછા રાખવામાં આવે, જે ડ્રાફ્ટ બિલમાં ૪.૭% કરતા ઓછો લક્ષ્ય છે. સરકારના ડ્રાફ્ટ બજેટનો હેતુ 30 અબજ યુરોથી વધુના નાણાકીય સંકોચન સાથે ખાધને નિયંત્રિત કરવાનો હતો, મુખ્યત્વે બચત પગલાં દ્વારા પણ કર વધારા દ્વારા, જોકે લેકોર્નુએ શરૂઆતથી જ કહ્યું હતું કે તે સ્પષ્ટ છે કે સંસદમાં કાયદાને ભારે રીતે ફરીથી લખવામાં આવશે કારણ કે તેમની પાસે બહુમતી નથી.

તેમણે કાયદા ઘડનારાઓને બજેટ બચતને ઘટાડવા વિનંતી કરી, જેના પર નીચલા ગૃહે ચર્ચા પણ કરી ન હતી કારણ કે કાયદાના ખર્ચ બાજુ સુધી પહોંચતા પહેલા સમય પૂરો થઈ ગયો હતો. સરકારનું મૂળ બજેટ બિલ સોમવારે સેનેટમાં જવાનું છે, જેનો અર્થ એ છે કે નીચલા ગૃહ દ્વારા પહેલાથી જ પસાર કરાયેલા સુધારાઓ, જેમાં વિવિધ પ્રકારના કરવેરા વધારાનો સમાવેશ થાય છે, ફરીથી રજૂ કરવા પડશે નહીંતર તે પડતું મૂકવામાં આવશે.

# સાંસદ શ્રી શોભનાબેન બારૈયા ની અધ્યક્ષતામાં અરવલ્લી જિલ્લા કક્ષાની ડીસા સમિતિની બેઠક યોજાઈ

અરવલ્લી જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં સાંસદ શ્રી શોભનાબેન બારૈયા ના અધ્યક્ષતન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આયોજિત ડિસ્ટ્રીક ડેવલપમેન્ટ કમિટી દિશા ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું આ બેઠકમાં કલેકટરશ્રી પ્રશસ્તિ પારીક તથા સાંસદ શ્રી એ કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ વિવિધ યોજનાઓની સમીક્ષા કરી હતી ઉપરાંત અરવલ્લી જિલ્લામાં વિવિધ વિભાગ દ્વારા થઈ રહેલી એ કામગીરી અને તેમના અમલીકરણની માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા

આ બેઠકમાં સાંસદ શ્રી શોભનાબેન બારૈયા એ જણાવ્યું હતું કે જન પ્રતિનિધિઓ દ્વારા લોકોની વિવિધ માગણીઓ ને લઈ જે રજૂઆતો કરવામાં આવે છે તેનું યોગ્ય રીતે નિરાકરણ લાવી લોકોની સવલતોમાં વધારો થાય તે પ્રકારે આયોજનબદ્ધ કામગીરી કરવામાં આવી જેથી કરી ને જિલ્લામાં વિકાસના કાર્યોને વેગ મળે તથા કેન્દ્ર સરકારની યોજનાઓથી વધુમાં વધુ લોકો માહિતગાર થાય અને છેવાળના માનવીને પણ આ



યોજનાનો લાભ મળે તે દિશામાં આયોજન હાથ ધરવા સાંસદ શ્રી એ સૂચનો કર્યા હતા

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી પ્રિયંકાબેન ડામોર મોડાસા નગરપાલિકા પ્રમુખશ્રી નિરંજન શેઠ જિલ્લા વિકાસ અધિકારી શ્રી દિપેશ કેડિયા નિવાસી અધિક કલેકટર શ્રી ડી વી મકવાણા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી રાજેશ કુચારા જિલ્લા તથા તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ સહિત ડીસ્ટીકટ કમિટીના સભ્યશ્રીઓ આગેવાન શ્રીઓ તેમજ પદાધિકારી શ્રીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# બી.આર.સી.ભવન હળવદ ખાતે તાલુકા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું




તા. ૨૫/૧૧/૨૦૨૫, મંગળવારનાં રોજ બી.આર.સી ભવન-હળવદ ખાતે જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-મોરબી આયોજિત તથા બી.આર.સી ભવન હળવદ સંચાલિત તાલુકા કક્ષા બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાઈ ગયું જેમાં હળવદ તાલુકાની ૩૯ પ્રાથમિક શાળાઓમાંથી ૭૮ પ્રતિભાવંત બાળકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે મોરબી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રીશ્રી પ્રફુલભાઈ નાયકપરા, હળવદ તાલુકા શૈક્ષિક મહાસંઘના મહામંત્રીશ્રી રાજુભાઈ ગોહિલ અને અન્ય મહાનુભાવોની હાજરી રહી હતી. મહાનુભાવોના હસ્તે પ્રદર્શનને ખુલ્લું મૂકવામાં આવ્યું. હળવદના બાળ વૈજ્ઞાનિકો દ્વારા વિસ્મય પમાડે તેવી વૈજ્ઞાનિક સિદ્ધાંતો આધારિત સુંદર કૃતિઓ રજૂ કરવામાં આવી.

આ તકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન -મોરબીનાં પ્રાચાર્યશ્રી સંજયભાઈ મહેતા સાહેબ તથા મોરબી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી નમ્રતા મેડમની પ્રેરક ઉપસ્થિતિ રહી. બંને મહાનુભાવોએ બાળકોએ તૈયાર કરાયેલ કૃતિઓનું નિરીક્ષણ કરી બાળકોને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરા પડ્યા હતા. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ શાળાઓને, શિક્ષકોને અને બાળ વૈજ્ઞાનિકોને શિલ્ડ, પ્રમાણપત્રો અને શૈક્ષણિક કીટ આપીને સન્માનિત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે હળવદ બી.આર.સી.ઑર્ડીનેટર શ્રી મિલનકુમાર કે. પટેલના માર્ગદર્શન હેઠળ તમામ સી.આર.સી. કો ઓર્ડીનેટર અને સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGSSNO:153**
વિષય:"સમયના પગલાં અને જીવન નાં વળાંકો "
શીર્ષક:" સમય વર્તે સાવધાન "
પ્રકાર:પધ્ય. શબ્દો:૧૦૭

સમય નાં પગલાં સરતાં હાથ,પગ અને કાંડા નો આકાર બદલાય છે.
તન નો વિકાસ,મન નાં વિચારો અને જીવન નાં વળાંકો બદલાય છે.
એકબીજા નાં સબંધો નાં આધાર અને આકાર બદલાય છે,
લગ્ન ની શરૂઆત માં રોજ રોજ સ્વાદિષ્ટ ભોજન બદલાય છે,
આવક વધતાં રસોઈઆ નાં હાથ નું રોજ એનું એ જ ભોજન પિરસાય છે.
લગ્ન ની શરુઆત માં સુખ નાં સાથિયા ચિતરાય છે,
સમય જતાં રોજ રોજ દુઃખ ની ચાદર બદલાય છે.
ભૂતકાળ ની આ બધી વાતો છે દોસ્તો,તેને
વાગોળતાં વર્તમાન ને ભવિષ્ય ભિંજાય છે.
જીતેન્દ્ર શાહ "સુકાન્ત "(અમદાવાદ)

★★★★★★

**NOGSS NO : 161**
વિષય : સમયનાં પગલાં અને જીવનના વળાંકો
શિર્ષક : વહેતો સમય
પ્રકાર : અછાંદસ કાવ્ય શબ્દો : ૧૪૪

આમ જુઓ તો શું હતું, શું રહ્યું ને શું રહેવાનું!
જે છે એ પણ નથી રહેવાનું કે નથી ટકવાનું.
ક્ષણભંગુર આ દેહને મળ્યું આવરણ એક શ્વાસનું
કામ ના આવે એ પણ અંતે, હેમનું હેમ રહેવાનું.
આ તો સમય છે કે જેનું કામ છે વહેવાનું!
પછી શાને કાજે ટેન્શન કે ચિંતામાં રહેવાનું?

તારું મારું કર્યું સઘળું, આપણું પણ કોને કહેવાનું?
ચિતારાએ ચીતર્યું એ તો માટીમાં જ ભળવાનુ.
મૌનના એ પડઘાં એ તો ખૂણેખાંચરે શોધું,
શાંત ચિત્તે મળે કદી તો દિલનાં ત્રાજવે તોલું.
આ તો સમય છે જેનું કામ છે વહેવાનું!
પછી શાને કાજે ટેન્શન કે ચિંતામાં રહેવાનું?

ભવરણ માં ભટકીને સહુએ એમાં જ આળોટવાનું,
ભેખ ધરીને આયખું આમ સહજ જ જીવી જવાનું.
શું વાવીને શું લણ્યુ એ આસપાસ જોઈ વણવાનું,
લણી લણીને આપ્યું શું જગને એ જ તો વિચારવાનું.
આ તો સમયના પગલે ચાલતા રહેવાનું ને,
જીવનનાં વળાંકે બસ વળતાં જવાનું...

ગ્રીષ્મા પંડ્યા ( અમદાવાદ)

★★★★★★

**NOGSS NO: 345**
વિષય: સમયના પગલા અને જીવનના વળાંકો
શીર્ષક: સમય કોઈનો સગો નથી.
પ્રકાર:ગદ્ય - શબ્દો: ૨૬૦

સમયના પગલા અને જીવનના વળાંકો એ જીવનની એક અસામાન્ય વાસ્તવિકતા છે. સમય કોઈની રાહ જોતો નથી, જીવનમાં અપેક્ષિત અને અનપેક્ષિત વળાંકો આવે છે. આ વળાંકો આપણને નવી દિશાઓ આપે છે, નવી શીખ આપે છે, અને આપણને વધુ મજબૂત તો બનાવે છે પણ અંદરનું દર્દ, વ્યથા, મનહદય હરી પણ લે છે.

જીવનમાં ક્યારેક સુખના દિવસો આવે છે, તો ક્યારેક દુઃખના પડાવ આવે છે. પરંતુ સમયના પગલા ચાલતા રહે છે, આપણે તેની સાથે ચાલવાનું હોય છે. આ વળાંકો આપણને જીવનની સાચી મૂલ્યવાન વાતો શીખવે છે, વધુ સારા વ્યકિત બનાવે છે. સાથે વિપરીત પરિસ્થિતિમાં આંસુની ધારા પણ આપે છે. મારી જ વાત કરું તો મા-પિતાજીની છત્રછાયામાં પાણી પણ જાતે નહોતું પીધું. કહેવાનો મતલબ કોઈ જવાબદારી વગરની જિંદગી હતી. પછીની જિંદગીમાં અપાર, કઠિન સંઘર્ષ જ રહ્યો. મારા પતિ સાથે એ દરેક મુશ્કેલ પડાવો પાર તો કર્યા પણ જ્યાં સુખનો સૂરજ ચમકવા શરૂ જ થયો કે
મારા પતિને ઈશ્વરના ધામમાં પણ જરૂર પડી. કહેવાય છેને સારા માણસની જરૂર તો ભગવાનને પણ હોય છે. મેં આવું તો વિચાર્યું જ નહોતું
ચઢેલો સૂરજ મધ્યાંન પર જ આથમી જશે! જોકે આ તો સર્વ જગતનોબી દસ્તુર છે. પરમાત્મા જ
સર્વશ્રેષ્ઠ છે. એમની ઈચ્છા વિના પાંદડું પણ હલતું નથી. માટે હું પણ ધીમેધીમે વાસ્તવિકતા સ્વીકારી મજબૂત બનવા કોશિષ કરી રહી છું. આવી પડેલ મારા જીવનના વળાંક પર સમયના પગલા થકી નવી આશા અને હિંમત કેળવી રહી છું.
સમય કોઈનો સગો નથી. વળી, એક સરખો પણ રહેતો નથી. આજ અંધારું છે તો કાલ ઉજાસ જરૂર થશે.

હંસા ઝાલા "લાગણી" (સુરત)

★★★★★★★ **NOG SS NO 167**
વિષય:"સમયના પગલાં અને જીવનના વળાંકો”
શિર્ષક:અવતાર બાકી છે.
પ્રકાર:પદ્ય. શબ્દો:૯૩

જિંદગી અટકી ગઈ, હૃદયમાં ધબકાર બાકી છે,
મોજાઓમાં નાવ ડૂબી, ને મઝધાર બાકી છે.

જીતી ગયા, તણખલાથી, શોર્યથી ભર્યા સુરવીરો,
હવે તો આગળ વધીશું, શકિતનો ભંડાર બાકી છે.

અપાઈ ગયા આમંત્રણો, ચોતરફ, જય જય કારના,
ખબર નથી પડી તેને, તેનો, હજુ સ્વીકાર બાકી છે.

ઘસાઈ ગયા પગથિયાઓ, દેવાલયો, ગિરિ શૃંગના,
પ્રભુ તારા ગાન ગાયા, તારો જ, અવતાર બાકી છે.

ઉજ્જડ બાગો, જંગલોના હવે, નિશાન ક્યાં છે,
કુદરત ક્યાં કહે છે, મારો સર્વત્ર, અધિકાર બાકી છે.

નરેન્દ્ર ત્રિવેદી(ભાવનગર)

★★★★★★

**NOG SS NO 166**
વિષય:-"સમયનાં પગલાં અને જીવનનાં વળાંકો
શીર્ષક :-"એકલા જ રહેવાનું"
પ્રકાર :-પદ્ય શબ્દો:- ૬૩

સમયનું આ ચક્ર હમેશા ફરતું જ રહેવાનું
નસીબ ચમકવાની વાટ જોતા જ રહેવાનું.

દુઃખ જયારે આવે ત્યારે સુખ નથી રહેવાનું,
સફળતા પામીને હમેશા પડતું જ રહેવાનું.

મુસીબતોને જીવનમાં સહેતા જ રહેવાનું,
નિરાશ બનીને આપણે રડતાં જ રહેવાનું.

સ્નેહીજનોનો સાથ ગુમાવતા જ રહેવાનું,
સારો સમયની વાટ સદા જોતા જ રહેવાનું.

જીવનમાં વળાંકો આવતા જ રહેશે "મુરલી",
હું તો એકલો હતો અને એકલા જ રહેવાનું.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★

**NOGSS NO : 158**
વિષય: સમયના પગલાં અને જીવનના? વળાંકો
શીર્ષક:જિંદગીમાં વળાંક
પ્રકાર: પદ્ય ? શબ્દો:૧૦૦

સમયનું ચક્ર અવિરત ચાલ્યાં કરે છે,
સમય પગલાંની છાપ છોડી જાય છે!

વળાંક તો જિંદગીમાં આવે છે ઘણાં,
પણ કોઈક વાર સબક બની આવે છે!

જિંદગીમાં મુશ્કેલીઓ આવે છે ઘણી,
રસ્તામાં ડગલે પગલે કંટકો આવે છે!

ધાર્યું હોય ન મળે ગમતું છૂટી જાય છે,
નક્કી કરેલી મંજિલેથી પાછા વળવું પડે છે!

સુખ દુઃખ? ને તડકો છાંયો આવ્યા કરે છે,
આશા તો ક્યારેક નિરાશા પણ મળે છે!

’પ્રેમ’ આવે વિટંબણા જીવનમાં હસતા રહો,
અજવાળામાં પણ દિપક જગાવવો પડે છે!

શ્રી પાલજીભાઈ વી રાઠોડ ’પ્રેમ’
(આદરીયાણા- સુરેન્દ્રનગર)

★★★★★★★

**NOG SS NO- 195**
વિષય: સમય ના પગલાં અને જીવન ના વળાંકો
શીર્ષક: માનવી ઘડાતો જાય
પ્રકાર:પદ્ય અછાંદસ
શબ્દ: ૭૭

સમય સમયનું કામ કરેને માનવી ઘડાતો જાય,
કદીક ધનુષ કદીક કાબા અર્જુન જણાતો જાય.

શું થાય છે,શું કરું,શું થશે એ કામ ક્યાં ખબર,
ખાબોચિયું ખળભળે ને સમંદર સડાતો જાય.

ઝરી ના ઝભ્ભાય ક્યારેક બની જાય છે ગાભા,
સાજોસમ સજજન પણ અંદરો પીડાતો જાય.

ક્યારેક સુખ ક્યારેક દુઃખ દર બદર ચાલ્યા કરે,
કફન કાપડે કૂણો કદાવર કબર ચણાતો જાય.


કવચિત્ કે ખચિત ક્યારેક બનતુ હોય નિશ્ચિત,
હામ હૈયે ના ભીડે તો મનખો હણાતો જાય.

અમૃત શ્રીમાળી ,
મહેસાણા

# એચ. પી. ગેસ સરઢવ ગામ ખાતે તા.૨૫/૧૧/૨૦૨૫ ના રોજ બૉમ્બ થ્રેડ વિષય પર મોકડ્રિલ યોજાઈ





એચ. પી. ગેસ સરઢવ ગામ ખાતે બૉમ્બ થ્રેડ વિષય પર મોકડ્રિલ નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં, HPCL સરઢવ પ્લાટ ની બહાર ની બાજુ ટ્રક તરફ કોઈક અજાણ્યા વ્યક્તિ અંદર આવીને શકાસ્પદ બેગ મૂકીને નાસી જાય છે. જે તમામ બનાવ પ્લાન્ટ મેનેજરશ્રી દ્વારા કેમેરા માં જોઈ જાય છે, જે ડીઈઓસી કલેકટર કચેરીને જાણ કરવામાં આવે છે, જે ત્યાર બાદ ડીઈઓસી માંથી તમામ ઈમરજન્સી વિભાગને ફોન કરવામાં આવે છે, જેમાં પ્રથમ બીડીડીએસ ગાંધીનગર, ત્યાર બાદ એસીઓસી ગાંધીનગર બાદમાં, પોલીસ વિભાગ, ફાયર, ૧૦૮, સિવિલ ડિફેન્સ, જાણ કરવાં આવે છે, જયા BDDS સહીત તમામ વિભાગ હાજર રહી રિસ્પોન્સ નું કાર્ય શરૂ કરે છે, જે દરમ્યાન એક ID સર્ચ દરમિયાન ટ્રક નંબર RJ.GC. ૫૩૧૮ પાસે બૉમ્બ મળી આવે છે, જે બૉમ્બને સેફ સ્થળે લઈ જઈ ને ડિસપોસ કરવામાં આવે છે, આ તમામ બનાવ દરમિયાન ડીપીઓ દ્વારા સરઢવ ગામના તલાટી શ્રી, સ્કૂલના પ્રિન્સિપાલશ્રી તથા સરપંચશ્રીને પણ જાણ કરી ને શાળાના ૫૦ બાળકો તથા ગામના રહેવાસીઓને નજીક ના સુરક્ષા સ્થળે મોકલવામાં આવે છે.આ સંપૂર્ણ મોકડ્રિલ દરમ્યાન ઓબઝર્વેશન & કમાન્ડિંગ ઓફિસર તરીકે ડિઝાસ્ટર મામલતદરશ્રી રાજેશ્ર એન.પરમાર તથા મામલતદારશ્રી એમ.ડી.ગોહીલ ઘટના સ્થળ પર ઉપસ્થિત રહ્યા હતા.



"હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી"



ચાલો, એકતાનો સંદેશ પ્રસરાવીએ - રાષ્ટ્રના ઉત્કર્ષ માટે સમર્પિત થઈએ

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતીના અવસરે આયોજિત

# સરદાર@150 યુનિટી માર્ચ

એક ભારત, આત્મનિર્ભર ભારત

રાષ્ટ્રીય પદયાત્રા પ્રસ્થાન સમારોહ

26 નવેમ્બર 2025, બુધવાર
સવારે 09:00 વાગે

શાસ્ત્રી મેદાન, વલ્લભ વિદ્યાનગર, જિ. આણંદ

:: વર્ચ્યુઅલ ઉપસ્થિતિ ::

**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

:: મુખ્ય મહેમાન ::

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી માણિક સાહા**
માનનીય મુખ્યમંત્રી,ત્રિપુરા

:: વિશેષ ઉપસ્થિતિ ::

**ડૉ. મનસુખ માંડવિયા**
માનનીય કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર

**શ્રીમતી નિમુબેન બાંભણીયા**
માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી, ભારત સરકાર

**શ્રી જગદીશ વિશ્વકર્મા**
માનનીય ધારાસભ્ય, નિકોલ

**શ્રી જીતુભાઈ વાઘાણી**
માનનીય મંત્રી, ગુજરાત

## :: પદયાત્રાની મુખ્ય વિશેષતાઓ ::

સરદાર સાહેબના એકતા અને શિસ્તના મૂલ્યોને જન-જન સુધી પહોંચાડતી 182 કિમી લાંબી પદયાત્રા

દેશવ્યાપી જનસહભાગિતાથી સજ્જ રાષ્ટ્રીય પદયાત્રાનો આરંભ

યાત્રામાર્ગમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રદર્શન, સરદાર ગાથા અને ગ્રામસભા

યુવાનો, મહિલાઓ, વિદ્યાર્થીઓ તથા સમાજના દરેક વર્ગનું જોડાણ



"એકતા અને અખંડિતતાના આ પવિત્ર પર્વને આપણે સૌ સાથે મળીને સફળ બનાવીએ. 'યુનિટી માર્ચ' પદયાત્રા ઉત્સાહ, ઉમંગ અને દેશભક્તિની ઊર્જાની ત્રિવેણી બનશે"

- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

:: વધુ માહિતી માટે ::

/SARDAR150YATRA SARDAR150.IN




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.